પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૫૪ | ૨૪ નવેમ્બર, ૨૦૧૭, શુક્રવાર ; માગસર સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### ચીને ફરી વધારી ભારતની ચિંતા

તિબેટમાં મોટી યોજનાઓનુ નિર્માણ કરી રહેલુ ચીન હવે બ્રહ્મપુત્રાની જગ્યાએ તિબેટની નદીઓ પર બંધ બનાવવાની યોજના કરી રહ્યુ છે. જે ભારતની ચિંતા વધારી રહ્યું છે.

### દિલ્હીમાં પેટ્રોલ-ડીઝલ થશે મોંઘુ

પ્રદૂષણથી બેહાલ દિલ્હીમાં આવતા વર્ષથી માત્ર બીએસ ૬ ઈંધણ મળશે. જે સામાન્ય ઈંધણ કરતાં મોંઘુ છે. જો કે કેટલો ભાવ વધારો થશે તે હજુ સુધી જણાવાયુ નથી.

### યુકેમાં ભારે પૂરની સ્થિતિથી લોકો બેહાલ

બ્રિટનમાં ભારે વરસાદ અને હિમવર્ષાને કારણે હજારો લોકો મુશ્કેલીમાં મુકાયા છે. ૨૫ થી વધુ વિસ્તારોમાં પૂરની અસર જોવા મળી છે.

### જાણીતી આઈસક્રીમ બ્રાન્ડ હેવમોરને કોરીયન કંપનીએ ખરીદી

ભારતીય આઈસક્રીમ માર્કેટમાં સાઉથ કોરીયન કંપનીનો પગપેસારો થયો છે. જાણીતી આઈસક્રીમ બ્રાન્ડ હેવમોરને સાઉથ કોરીયાની કન્ફેકશનરી કંપની લોટેએ રૂ. ૧૦૨૦ કરોડમાં ખરીદી લીધી છે.

# સઈદને છોડવાના હુકમથી ભારત લાલઘૂમ

**પાક ત્રાસવાદીઓને લઇને બિલકુલ ગંભીર નથી : વિશ્વના દેશોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ : અમેરિકા અને ભારતના દબાણ સમક્ષ પાકિસ્તાન ફરી ઝુંકે તેવી શક્યતા**



નવીદિલ્હી, તા. ૨૩

મુંબઈ ત્રાસવાદી હુમલાના માસ્ટરમાઈન્ડ અને જમાત ઉદ દાવાના લીડર હાફીઝ સઈદની મુક્તિનો આદેશ કરવામાં આવ્યા બાદ ભારતે આજે જોરદાર નારાજગી વ્યક્ત કરી હતી. પાકિસ્તાનમાં નજરકેદમાંથી હાફીઝનો છોડી મુકવાના પાકિસ્તાનના આદેશને લઈને ભારતે આજે જોરદાર ઝાટકણી કાઢી હતી. ત્રાસવાદીઓને મુખ્યધારામાં લાવવાના પ્રયાસ પડોશી દેશમાં કરવામાં આવી રહ્યા છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રઈશ કુમારે આજે કહ્યું હતું કે, ત્રાસવાદીઓને પાકિસ્તાનમાં સમર્થન મળી રહ્યું છે તે બાબત ફરીવાર સાબિત થઈ ગઈ છે. કુમારે ઉમેર્યું હતું કે, સઈદની મુક્તિ સાબિતી આપે છે કે, પડોશી દેશ પાકિસ્તાન ત્રાસવાદીઓને સજા કરવાને લઈને બિલકુલ ગંભીર નથી. વિશ્વના દેશોને પાકિસ્તાન દ્વારા ગેરમાર્ગે દોરવાના કામ કરવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, ભારત આ વલણને કઠોરરીતે ઝાટકી કાઢે છે. મુંબઈ હુમલાની વરસીના થોડાક દિવસ પહેલા જ પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં ન્યાયિક સમીક્ષા બોર્ડે બુધવારના દિવસે તેની મુક્તિના આદેશ જારી કરી દીધા હતા.

● અનુસંધાન પાન-૫ પર

## અંકુશ રેખા પાસે મોટી સંખ્યામાં ત્રાસવાદી

**ભારતીય સેના તેમના ઇરાદાને નિષ્ફળ બનાવશે : તમામ ત્રાસવાદીઓ તક મળતાની સાથે ભારતીય ક્ષેત્રમાં ઘુસણખોરી કરવા સજ્જ : ભારતીય સેના સંપૂર્ણ એલર્ટ**



જમ્મુ,તા. ૨૩

ભારતીય સેનાના એક ટોપ અધિકારીએ દાવો કર્યો છે કે અંકુશ રેખા (એલઓસી)ની નજીક પાકિસ્તાની બાજુએ મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ એકત્રિત થયા છે. આ તમામ ત્રાસવાદીઓ તક મળતાની સાથે જ ભારતીય ક્ષેત્રમાં ઘુસણખોરી કરવાની યોજના બનાવી રહ્યા છે. બીજી બાજુ હથિયારો સાથે સજ્જ ત્રાસવાદીઓની ઘુસણખોરીની યોજનાને નિષ્ફળ બનાવી દેવા માટે સેના સજ્જ છે. અધિકારીએ કહ્યુ છે કે ત્રાસવાદીઓ ભારતમાં ઘુસણખોરી કરીને મોટા પાયે આતંક મચાવવાની યોજના ધરાવે છે. ૧૬મી કોરના જનરલ ઓફિસર કમાન્ડિંગ(જીઓસી) સરનજીત સિંહે કહ્યુ છે કે લોન્ચિંગ પૈડ પર મોટી સંખ્યામાં લોકો ભારતીય બાજુમાં ઘુસણખોરી કરવા માટેની યોજના બનાવી રહ્યા છે. ભારતીય સેના સંપૂર્ણ પણે એલર્ટ છે. ત્રાસવાદીઓ હાલમાં લડાયક મુડમાં છે.

● અનુસંધાન પાન-૫ પર

# મોદી ૨૭મીએ ચૂંટણી પ્રચારમાં આવશે

**૨૭મીએ મોરબી, પ્રાચી, પાલિતાણા અને નવસારી જાહેર સભા સંબોધશે : ૨૯મી નવેમ્બરથી ભાજપના સ્ટાર પ્રચારકો ગુજરાતભરને ધમરોળશે : ગુજરાતના મોટાભાગના વિસ્તારોને આવરી લેવાશે : મોદીની જાહેર સભાઓ અને કાર્યક્રમોને લઇને જોરદાર તૈયારી**

અમદાવાદ, તા.૨૩

ભાજપના હુકમના એક્કા સમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૨૭ અને તા.૨૯ નવેમ્બર એમ બે દિવસ ભાજપના ચૂંટણી પ્રચાર અર્થે ગુજરાતની મુલાકાતે આવશે. આ બે દિવસ દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં વિવિધ સ્થળોએ આઠ જેટલી જાહેરસભાઓ સંબોધશે. પાર્ટીના ગુજરાતના પ્રભારી ભૂપેન્દ્રભાઈ યાદવે જણાવ્યું હતું કે, કેન્દ્રની મોદી સરકારે ગરીબ કલ્યાણકારી નીતિઓના કારણે વિશ્વભરમાં ગુજરાત અને દેશનું ગૌરવ અને સન્માનનું વાતાવારણ પ્રસ્થાપિત કર્યું છે. સાથે સાથે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની છબીને દિપાવી છે. ભાજપના ચૂંટણી પ્રચાર અર્થે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૨૭ અને તા.૨૯ નવેમ્બર એમ બે દિવસ દરમ્યાન ગુજરાતની મુલાકાતે આવશે અને રાજયના વિવિધ સ્થળોએ આઠ જેટલી જાહેરસભા સંબોધશે.

મોદી જે સ્થળોએ જાહેરસભા સંબોધવાના છે તે સ્થળે આસપાસના અન્ય વિધાનસભા ક્ષેત્રોને પણ આવરી લેવાશે. એટલે કે, ત્યાંથી પણ સ્થાનિક લોકો, ગ્રામજનો અને

● અનુસંધાન પાન-૫ પર

## ભારત-શ્રીલંકા વચ્ચે આજથી બીજી ટેસ્ટ

નાગપુર, તા. ૨૩

નાગપુરના મેદાન ઉપર આવતીકાલથી ભારત અને શ્રીલંકા વચ્ચે બીજી ટેસ્ટ મેચ શરૂ થઈ રહી છે. પ્રથમ ટેસ્ટ મેચ ભારત સહેજમાં જીતથી વંચિત રહી ગયું હતું. બીજી ટેસ્ટ મેચ આવતીકાલથી શરૂ થઈ રહી છે ત્યારે આ ટેસ્ટ મેચને લઈને વિરાટ કોહલીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયા સજ્જ છે. બીજી બાજુ ટીમ ઈન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલીએ સતત ક્રિકેટ શ્રેણીનું આયોજન કરવાને લઈને ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડની ઝાટકણી કાઢી છે. તેનું કહેવું છે કે, કોઈપણ શ્રેણીની તૈયારી માટે સમયની જરૂર હોય છે.

경동대학교 KYUNGDONG UNIVERSITY
STUDY IN SOUTH KOREA
FREE SEMINAR & SPOT ADMISSION
• Low Fees & Low Living Cost
• Very High Visa Success Rate
• Part Time Work Allowed
• South Korea is known for Quality Education
Meet Prof. John Lee
President & Vice Chancellor of KYUNGDONG UNIVERSITY
on 26th November-2017,Sunday
Time 10-00 am to 5-00 pm
ASIMA ACADEMY
A Division of Asima Overseas LLP
10th Floor, Shivalik Complex, B/s. Central Mall, Nr. Panchwati Circle, Ahmedabad. Phone : 079- 40193111
Mobile: 99249 90011, 94272 06760
Email: asimaoverseas@gmail.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

Requirement

| | |
|---|---|
| Marketing Executive | Export Assistant |
| Placement Officer | Export Executive |
| Accountant | Documentation Executive |
| Payroll Executive | Logistic Officer |
| Back Office Executive | Store Incharge |
| Design Engineer | CNC/ VMC Operator |
| Service Engineer | Web Designer |
| Project Engineer | Front end Developer |
| Customer Care Executive | PHP Developer |
| Admin Executive | Magneto Developer |
| Production Manager | Digital Marketing Executive |
| Plant Manager | Project Leader |
| Chemist | Quality Assurance Officer |

Job Location : Gandhinagar & Ahmedabad
Walk in Interview or Register Your Resume at www.mycosmosjobs.com
Cosmos Manpower Pvt. Ltd.
B- 183/184, Near Madhur Dairy, G.I.D.C., Sector-25, Gandhinagar-382025
Contact No. : 079-66707756, 9979888479
Email : rb@cosmosgroup.in, recruitment@cosmosgroup.in


જલારામ હોસ્પિટલ
ઓર્થોપેડિક્સ એન્ડ જોઈન્ટ રીપ્લેસમેન્ટ સેન્ટર એન્ડ આઈ.સી.યુ.
ડૉ. હાર્દિકસિંહ વાઘેલા (રાજપુત)
એમ.એસ.ઓર્થો સર્જન (વી.એસ.હોસ્પિટલ), પૂર્વ આસિ.પ્રોફેસર, શારદાબેન જનરલ હોસ્પિટલ
જોઈન્ટ રીપ્લેસમેન્ટ (શનશાઈન, હૈદરાબાદ)
જલારામ હોસ્પિટલ પલ્મોનરી વિભાગ
ડૉ. કલ્પેશ પંચાલ
એમ.ડી. ચેસ્ટ ફીઝીશીયન, ફેફસાના રોગોના નિષ્ણાંત
શ્વાસ/દમના દર્દીઓ માટે વિનામૂલ્યે નિદાન કેમ્પ
શું આપને નીચેનામાંથી કોઈપણ લક્ષણ જણાય છે ?

● શું તમને વારંવાર કફ, ઉધરસ કે શ્વાસની તકલીફ રહે છે ?
● શું તમને ચૂલાથી થતાં ધુમાડાને લીધે ઉધરસ કે શ્વાસની તકલીફ રહે છે ?
● શું તમને સિગારેટ કે બીડીનું સેવન કરો છે કે કરતાં હતાં ?
● શું તમારી ઉંમરની વ્યક્તિ કરતાં તમને શ્વાસ બહાર કાઢવામાં તકલીફ પડે છે ?
● શું તમને છાતીમાં કફ ભરાઈ જવાને કારણે ચાલવાથી કે કામ કરવાથી શ્વાસની તકલીફ પડે છે ?
● મોટેથી નસકોરાં બોલવા ● નસકોરાં દરમિયાન અંતરાય (થોડા સમય માટે નસકોરાં બંધ થઈને ચાલુ થવા)
● ઊંઘમાં ગૂંગળામણ થવી ● દિવસના સમયે અનુભવાતી સુસ્તી અને થકાન
શિયાળા તથા ચોમાસામાં શ્વાસની તકલીફ હોય તેમણે પણ આ કેમ્પનો લાભ લેવા વિનંતી.
જરૂરિયાતવાળા દર્દીને કેમ્પમાં કોમ્પ્યુટરાઈઝ્ડ મશીનથી ફેફસાંની તપાસ મફત કરી આપવામાં આવશે.
X-Ray ચાર્જ રૂ. ~~૩૦૦~~ ૨૦૦
દવાઓ રાહત દરે આપવામાં આવશે
રજીસ્ટ્રેશન ચાર્જ રૂ. ૫૦ રાખેલ છે ● રજીસ્ટ્રેશન કરવું ફરજીયાત છે.
તારીખ : ૨૬-૧૧-૨૦૧૭, રવિવારે ● સવારે ૧૦.૦૦ થી ૧.૦૦
: કેમ્પ સ્થળ :
જલારામ હોસ્પિટલ, સેક્ટર-૬, ઘ-૨, પેટ્રોલ પંપ રોડની સામે, અપના બજાર નજીક, ગાંધીનગર-૩૮૨૦૦૬
ડૉ. કલ્પેશ પંચાલ - સોમ,બુધ,શુક્રના રોજ સાંજે ૬.૩૦ થી ૮ વાગે અપોઈન્ટમેન્ટથી મળશે.
અપોઈન્ટમેન્ટ નંબર : ૯૬૦૧૮૧૧૬૧૧

ગાંધીનગર સમાચારની
લોકપ્રિય દૈનિક કોલમ સુપ્રભાતમ્ ના
૨૦ વર્ષ સંપન્ન. ૨૧મા વર્ષમાં પ્રવેશ

સુપ્રભાતમ્
સુપ્રભાતમ્ તા. ૨૪-૧૧-૧૯૯૬ થી...
૭૬૫૩ મુક્તક
૭૬૫૩ ચિંતન
૧૫૩૦૯ હાઈકુ
૪૫૯૧૮ સુવિચાર
૭૬૫૩ બોધકથા
સુરેશ પ્રા. ભટ્ટ
કોલમ અને કટાર લેખકના ૨૦ વર્ષના સફળ સાતત્યને સો-સો સલામ..
- કૃષ્ણકાન્ત જહા અને ગાંધીનગર સમાચાર પરિવાર